**DATE: 16/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

**DATE: 17/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અંકલેશ્વરની ઘટના વાલીઓ માટે ચેતવણીરૂપ

# સગીર પુત્રને રિકશા ચલાવવા આપનારા પિતા સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં આડેધડ ચલાવતાં રિક્ષાચાલકને પોલીસે રોકતાં તે સગીરવયનો હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે પોલીસે તેના પિતા વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

સાંપ્રત સમયમાં વાલીઓ તેમના સગીર સંતાનોને વાહનો ચલાવવા આપી દેતાં હોવાથી લોકોના જીવ જોખમમાં મુકાતાં હોય છે. અંકલેશ્વરમાં સગીરને રીકશા ચલાવવા આપી દેનારા પિતા સામે પોલીસે ગુનો દાખલ કર્યો છે. બી ડિવિઝન પોલીસનો સ્ટાફ ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરી રહ્યો હતો તે ડામરીયા હાંસોટના ઈરફાન રશીદ હોટલવાળાનો પુત્ર પુરપાટ અન્ય પર જોખમ ઉભું થાય એ રીતે આડીઅવળી રીક્ષા ચલાવતા ઝડપાઈ જવા પામ્યો હતો. લાઈસન્સ ના હોવા છતાં રીક્ષા ચલાવી રહ્યો હોવાનું ધ્યાને આવતા પોલીસે તેના તેમજ તેના પિતા વિરુદ્ધ એમ.વી.એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી. બીજી તરફ પોલીસે સગીર સંતાનોને વાહનો ચલાવવા આપી દેતાં વાલીઓને પણ ચીમકી આપી છે કે, આ સંદર્ભમાં સઘન તપાસ કરાશે અને જવાબદારો સામે પગલાં ભરવામાં આવશે.

**DATE: 17/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ગાર્ડન, મોલ સહિતના ભીડભાડવાળા સ્થળોએ એસઓજી-ડોગસ્ક્વોડ દ્વારા તપાસ

# અયોધ્યામાં પ્રાણપ્રતિષ્ઠાને લઈ ભરૂચ જિલ્લાના સંવેદનશીલ વિસ્તારમાં ચેકિંગ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

અયોધ્યામાં રામ જન્મભુમી ખાતે યોજાનારા પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને લઈને એક તરફ આખો દેશ રામમય બની ગયો છે. ત્યારે આ સમયગાળામાં કોઈ અસામાજિક તત્વો દ્વારા શહેર-જિલ્લાની શાંતીમાં પલીતો ચાંપવાનો પ્રયાસ ન કરે તે માટે પોલીસ તંત્ર સતર્ક બન્યું છે.

ભરૂચ એસપી મયુર ચાવડાએ ધાર્મિક કાર્યક્રમને લઈને શહેર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ખાસ બંદોબસ્ત રાખવાની સુચના આપી છે. પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને અનુલક્ષીને ભરૂચ એસઓજી તેમજ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડની ટીમ તેમજ ડોગ સ્કવોર્ડની ટીમો દ્વારા શહેરની જિલ્લાની બાગ-બગીચા, વાઈટલ ઈન્સ્ટોલેશન, ધાર્મિક સ્થળ સહિતના ભીડભાડવાળા સ્થળો તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં



અચાનક ચેકિંગ શરૂ કર્યું હતું. ટીમોએ સંદિગ્ધ સામાનોની તપાસ કરી હતી. પોલીસ દ્વારા અચાનક કરાયેલી કામગીરીને લઈને એક સમયે લોકોમાં આશ્ચર્ય સર્જાયું હતું. જોકે, બાદમાં લોકોએ પણ પોલીસને સહકાર આપ્યો હતો.

**DATE: 17/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વર જીઆઇડીસી પો.સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઇ

# 22મીએ રેલી કે શોભાયાત્રા કાઢતાં પહેલાં પોલીસની મંજૂરી લેવી પડશે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે રામ મંદિર નિર્માણ ને લઈ શાંતિ સમિતિ બેઠક યોજાઈ હતી. 22 જાન્યુઆરી ના રોજ રામ મંદિર પ્રતિષ્ઠા નિર્માણને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ આગેવાનો સાથે બેઠકો યોજાઈ રહી છે.

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તાર આવેલ કોસમડી, ભડકોદરા, સારંગપુર તેમજ જીઆઈડીસી રહેણાંક વિસ્તારમાં સોસાયટીમાં રહેતા તમામ પ્રમુખ, સરપંચ, સામાજિક સેવાકીય સંગઠનના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં 22મીએ કોઈ અનિચ્છનીય બનાવ ન બને, કોઈની ધાર્મિક લાગણી ન દુભાઈ તે જોવા ખાસ અપીલ કરાઈ હતી. બીજી તરફ પીઆઈ સગરે તમામ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી હતી.

**DATE: 17/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ઝનોર ચોકડી પાસે પોલીસે રેડ પાડી

# હોટલની પાછળ જાહેરમાં જુગાર રમતાં 6 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નબીપુરની ઝનોર ચોકડી પાસેની હોટલની પાછળ જાહેરમાં જુગાર રમતાં 6 જુગારિયાઓને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી રોકડા તેમજ 6 મોબાઇલ મળી કુલ 48 હજારનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ નેશનલ હાઇવે પર નબીપુર પાસે આવેલી ઝનોર ચોકડી પાસેની કનૈયા હોટલની પાછળ જાહેરમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હતી.દરમિયાનમાં નબીપુર પોલીસની ટીમને તે અંગે જાણ થતાં ટીમે સ્થળ પર દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઇ હતી. જોકે, ટીમે સ્થળ પરથી સુભાષ કનુ વસાવા, મહેશ અરવિંદ વસાવા, યુસુફ ગફુર વોરા, રોનક ઉર્ફે ભોલો ભગા વસાવા, ભાવેશ ચંદુ ચૌહાણ તેમજ નરેશ કનુ વસાવા નામના 6 જુગારિયાઓ ઝડપી પાડ્યાં હતાં.

**DATE: 17/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### અયોધ્યામાં તા.૨૨મીએ રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

# હાંસોટમાં શાંતિ સમિતિની મળેલી મિટિંગમાં શાંતી જાળવવા અપીલ કરાઈ

## તાલુકાના હિન્દુ મુસ્લીમ આગેવાનો સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

। હાંસોટ ।

હાંસોટ પોલીસ સ્ટેશનના સભાખંડ ખાતે અયોધ્યામાં થનાર રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને ધ્યાને લઈ પી. આઈ. કે. વી. ચુડાસમાના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની મિટિંગ યોજવામા આવી હતી. જેમાં તાલુકાના હિન્દુ મુસ્લીમ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

૨૨ મી જાન્યુઆરીનાં રોજ અયોધ્યામાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી દેશ ભરમાં થઈ રહી હોય અને તા. ૧૮થી ૨૨ જાન્યુઆરી સુધીગામડે ગામડે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાનારછે. ચાર જિલ્લા ભરૂચ, આણંદ, ખેડા અને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારને સંવેદનશીલ જાહેર કર્યા હોઈ તે અંતર્ગત હાંસોટને સંવેદનશીલ માનવામાં આવે છે.

તેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને શાંતિ પૂર્ણ વાતાવરણમાં આ કાર્યક્રમ પસાર થાય તે માટે આજરોજ હાંસોટ પોલીસ સ્ટેશન કચેરીના સભાખંડમાં શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી.

આ પ્રસંગને સંબોધતા પી. આઈ. કે. વી. ચુડાસમા એ જાણવ્યું હતું કે ઉપસ્થિત બધાં આગેવાનોએ પોતાના ગામોમાં શાંતિ જળવાઈ રહે તે માટે જવાબદારી પૂર્વક ધ્યાન રાખી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ ને સહકાર આપવાનો રહેશે. પોલીસ હાજર રહી પેટ્રોલીંગ કરશે જ. આ પ્રસંગે હાંસોટ તાલુકાના હિન્દુ મુસ્લીમ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

DATE: 18/01/2024 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-01

**DATE: 18/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

**DATE: 19/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

**DATE: 19/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

**DATE: 19/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સ્થળ પરથી 13.70 લાખનો દારૂ તેમજ 2 કાર, એક બાઇક સહિત 18.25 લાખનો મુદ્દામાલ જપ્ત

# વાલિયાના નલધરી ગામે ખેતરમાં દારૂ કટિંગનું કૌભાંડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમે વાલિયા તાલુકામાં આવેલાં નલધરી ગામે આવેલાં એક ખેતરમાં ચાલતાં વિદેશીદારૂનું કટિંગ કરવાનું કૌભાંડ ઝડપી પાડ્યું હતું. ટીમે સ્થળ પરથી સુનિલ ગામીત, સુનિલ વસાવા સહિત 5 શખ્સોને ઝડપી પાડ્યાં હતાં. પ્રાથમિક પુછપરછમાંતેમણે જણાવ્યું હતું કે, અંક્લેશ્વર, ઝઘડિયા તેમજ સુરતના બોર્ડર વિસ્તારના ગામોમાં દારૂનો વેપલો કરતાં બુટલેગરોએ તેમને વિદેશીદારૂનો ઓર્ડર આપ્યો હતો. જેથી તેમણે નૌગામાના પરેશ મારવાડી નામના બુટલેગર પાસે દારૂ મંગાવ્યો હતો. જે તેઓએ રાજપીપળા બ્રિજ પરથી દારૂ ભરેલી ટ્રક મેળવી હતી. જે ખેતરમાં લાવી તેમના અન્ય બુટલેગરોને આપવા માટે તેના ભાગ પાડી રહ્યાં હતાં. એલસીબીએ સ્થળ પરથી પાંચ આરોપીઓને ઝડપી પાડી 13.70 લાખનો દારૂનો જથ્થો, બે કાર, એક બાઇક તેમજ પાંચ મોબાઇલ સહિત 18.25 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.



## પરેશ મારવાડીએ દારૂ મોકલ્યો

માંડવી તાલુકામાં આવેલાં નૌગામા ગામે રહેતા પરેશ મારવાડી પાસેથી દારૂ મંગાવતાં તેણે રાજપીપળા બ્રિજ પરથી દારૂનો જથ્થો મેળવી લેવા જણાવ્યું હતું. જેથી સુનિલ તેમજ તેના સાગરિતો ટ્રકને પાયલોટિંગ કરી લઇ ગયાં હતાં. ત્યારે દારૂ ક્યાંથી આવ્યો તેની વિગતો પરેશ મારવાડીની ધરપકડ બાદ માલુમ પડશે.

### ઝડપાયેલાં આરોપીઓ

- સુનિલ બાબુ ગામીત, ટુકેદ, માંડવી
- સુનિલ વિનોદ વસાવા, ધારોલી, ઝઘડિયા
- અલ્પેશ વિનોદ વસાવા, નાના સાંજા ઝઘડિયા
- ચંદ્રકાંત લક્ષ્મણ વસાવા અલથાણ, સુરત
- શશીકાંત મહેશ ગામી, ટુકેદ માંડવી

### દારૂ મંગાવનારા બૂટલેગરોના નામ

- મુકેશ રાવલ
- સુનિલ
- મનીષ કાલીદાસ
- રમેશ
- દશરથ
- સંજય
- વિજય
- કિશન વસાવા
- પરેશ મારવાડી ( દારૂ મોકલનાર)

**DATE: 20/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

**DATE: 20/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

**DATE: 20/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

**DATE: 20/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

**DATE: 21/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

**DATE: 21/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

**DATE: 21/01/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**